# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-05-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

- રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય આવતીકાલે રાજકોટ ગેમઝોન દુર્ઘટના સંદર્ભે બદલી કરાયેલા એક IAS અને ત્રણ IPS અધિકારીઓની પૂછપરછ કરશે.
- રાજકોટના ટીઆરપી ગેમઝોન દુર્ઘટનામાં અત્યાર સુધીમાં 25 મૃતકોના મૃતદેહો તેમના પરિવારજનોને સોંપવામાં આવ્યા છે.
- રાજ્યની પંદર સરકારી વિશ્વવિદ્યાલયમાં સ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશ માટે ઑનલાઈન નોંધણી પ્રક્રિયા બીજી જૂન સુધી લંબાવવામાં આવી.
- શ્યામ બેનેગલની ફિલ્મ ‘મંથન’ અમદાવાદ, ગાંધીનગર સહિત દેશના 100 સિનેમાઘરોમાં આગામી પહેલી અને બીજી જૂને પુનઃ પ્રદર્શિત કરાશે.
- રાજ્યમાં આજે જુદા જુદા માર્ગ અકસ્માતમાં કુલ આઠ લોકોના મૃત્યુ નીપજ્યા છે, અને 21 ઇજાગ્રસ્ત થયા છે.
- હવામાન વિભાગે રાજ્યના વિવિધ વિસ્તારોમાં આગામી ત્રણ દિવસ દરમિયાન ભારે પવન સાથે વંટોળની શક્યતા વ્યક્ત કરી.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# RAJKOT GAMEZONE POLICE OFFICERS TRANSFER

રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય આવતીકાલે રાજકોટ ગેમઝોન દુર્ઘટના સંદર્ભે બદલી કરાયેલા IAS આનંદ પટેલ, રાજકોટના પૂર્વ પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ સહિતના ત્રણ IPS અધિકારીઓની પૂછપરછ કરશે.

રાજ્ય સરકારે ગેમઝોન દુર્ઘટના બાદ રાજકોટના પૂર્વ પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, પૂર્વ કલેક્ટર આનંદ પટેલ, પૂર્વ શહેર અધિક કમિશનર વિધિ ચૌધરી, ઝોન 2ના પૂર્વ નાયબ પોલીસ કમિશનર ડૉ. સુધીર દેસાઈની તાત્કાલિક અસરથી બદલી કરી હતી.

ગાંધીનગરમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં રાજકોટ ગેમઝોન દુર્ઘટનાની તપાસ માટે રચાયેલી વિશેષ તપાસ ટુકડીના અધ્યક્ષ સુભાષ ત્રિવેદીએ પત્રકારો સાથેની વાતચીમાં જણાવ્યું હતું કે જે જવાબદાર અધિકારીઓ સામે ગૃહમંત્રીએ કાર્યવાહી કરવાની સૂચના આપી છે.

**(બાઈટ - સુભાષ ત્રિવેદી, અધ્યક્ષ, વિશેષ તપાસ ટુકડી)**

દરમિયાન અમારા ગાંધીનગરના પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે ગાંધીનગરમાં સ્વર્ણિમ સંકુલ - 2 ખાતે ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી રાજકોટ ગેમઝોન દુર્ઘટના સંદર્ભે રાજ્યના પોલીસ વડા સહિત વિશેષ તપાસ ટુકડીના સભ્યો સાથે બીજી મહત્વની બેઠક શરૂ થઇ છે.

. . . . . . . . . . . . . .

# RAJKOT GAMEZONE

રાજકોટના ટીઆરપી ગેમઝોન દુર્ઘટનામાં અત્યાર સુધીમાં 25 મૃતકોના મૃતદેહો તેમના પરિવારજનોને સોંપવામાં આવ્યા છે. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં 28 લોકોના મૃત્યુ નીપજ્યા હોવાના અહેવાલ તંત્ર તરફથી મળ્યા છે. આ ગેમઝોનમાં ત્રણ કરોડ રૂપિયાનું રોકાણ કરનારા પ્રકાશ હિરન જૈનનું પણ આગની દુર્ઘટનામાં મૃત્યુ નીપજ્યું છે.

આ દુર્ઘટનામાં ભોગ બનેલા 28 લોકોના પરિવારજનોના ડીએનએ નમૂના ગાંધીનગરની ન્યાયસહાયક વિજ્ઞાન પ્રયોગશાળામાં મોકલવામાં આવ્યા હતા. તે પૈકી 28 લોકોના અહેવાલ આવી ગયા છે. અને ડીએનએ મેચ થયા બાદ પરિવારજનોને મૃતદેહ સોંપવામાં આવી રહ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . .

# UNDER GRADUATE COURSES 2 JUNE

રાજ્યની પંદર સરકારી વિશ્વવિદ્યાલયના સ્નાતક અભ્યાસક્રમની વિવિધ બેઠકોમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓ 2 જૂન સુધી ઑનલાઈન નોંધણી કરાવી શકશે. બેચલર ઑફ આર્ટ્સ, બેચલર ઑફ કૉમર્સ, બેચલર ઑફ સાઈન્સ, બેચલર ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, બેચલર ઑફ કમ્પ્યુટર એપ્લિકેશન્સ સહિતના સ્નાતકકક્ષાના અભ્યાસક્રમ ગુજરાત કૉમન એડમિશન સર્વિસીઝ પૉર્ટલ મારફતે 2 જૂન સુધી ઑનલાઈન નોંધણી કરાવી શકાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, 28 મે સુધી 4 લાખ 39 હજાર 865 વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી છે. તે પૈકી 2 લાખ 63 હજાર 115 વિદ્યાર્થીઓ ફી ભરી છે. હજી ઘણા વિદ્યાર્થીઓ નોંધણી ફી ભરી શક્યા ન હોવાની વિવિધ વિશ્વવિદ્યાલયો, મહાવિદ્યાલયો અને વિદ્યાર્થીઓની રજૂઆત શિક્ષણ વિભાગને મળી હતી.

------------

## MANTHAN CLASSIC MOVIE

હિન્દી સિનેમાના નિર્દેશક શ્યામ બેનેગલની ફિલ્મ 'મંથન' દેશના 50 શહેરોમાં આવેલા 100 સિનેમાઘરોમાં આગામી પહેલી અને બીજી જૂને ફરી રિલીઝ કરવામાં આવશે. ગુજરાત કૉ-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ – અમૂલ અને ફિલ્મ હેરિટેજ ફાઉન્ડેશન સંયુક્તપણે આ ફિલ્મ ગાંધીનગર, અમદાવાદ, આણંદ, નડિયાદ, વડોદરા, સુરત, રાજકોટ, મુંબઈ, પુણે, નાગપુર, દિલ્હી, બેંગ્લોર, ચેન્નાઈ, કોલકાતા સહિત દેશભરમાં રિલીઝ કરાવશે.

મંથન ફિલ્મના નિર્દેશક શ્યામ બેનેગલે જણાવ્યું કે, "કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં વર્લ્ડ પ્રીમિયરમાં પુનઃસ્થાપિત 'મંથન' ફિલ્મને મળેલા અદભુત પ્રતિસાદ વિશે સાંભળીને મને ઘણો આનંદ થયો. મને એ વાતનો પણ વધુ આનંદ છે કે, ફિલ્મ દેશભરના સિનેમાઘરોમાં ફરી રિલીઝ થશે.

ફિલ્મના કલાકાર નસીરુદ્દીન શાહે જણાવ્યું કે, કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં મંથનના પ્રીમિયર દરમિયાન અંતે સ્ટેન્ડિંગ ઓવેશનથી આંખોમાં આસું આવી

ગયા હતા. મને આશા છે કે, લોકો મોટા પડદા પર ઐતિહાસિક ફિલ્મને જોવાની તક નહીં ગુમાવે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ‘મંથન’ ફિલ્મ અસાધારણ ડેરી સહકારી ચળવળની શરૂઆતનું કાલ્પનિક સંસ્કરણ છે. શ્વેત ક્રાંતિના પ્રણેતા ડૉ. વર્ગીસ કુરિયનની પ્રેરણાથી ભારત દૂધની અછત ધરાવતા રાષ્ટ્રમાંથી વિશ્વના સૌથી મોટા દૂધ ઉત્પાદક તરીકે પરિવર્તિત થયું છે. આ ફિલ્મ માટે પાંચ લાખ ડેરી ખેડૂતોએ બે રૂપિયાનું યોગદાન આપ્યું હતું. ‘મંથન’ દેશની પ્રથમ ક્રાઉડફન્ડેડ ફિલ્મ હતી. આ ફિલ્મમાં ગિરીશ કર્નાડ, નસીરુદ્દીન શાહ, સ્મિતા પાટીલ, ડૉ. મોહન અગાશે, કુલભૂષણ ખરબંદા, અનંત નાગ અને આભા ધૂલિયા સહિતના કલાકારો હતા.

-----------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

....................................

## ACCIDENT

રાજ્યમાં આજે જુદા જુદા માર્ગ અકસ્માતમાં કુલ આઠ લોકોના મૃત્યુ નીપજ્યા છે, અને 21 ઇજાગ્રસ્ત થયા છે.

વડોદરામાં કોટંબી ગામ પાસે એક ટેમ્પો પલટી જતાં ત્રણ લોકોના મૃત્યુ નીપજ્યા છે. જ્યારે ટેમ્પોમાં જતા 10થી વધુ લોકો ઈજાગ્રસ્ત થતાં તમામને 108 એમ્બુલન્સ મારફતે સયાજી હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

અન્ય એક બનાવમાં ખેડા જિલ્લામાં આવેલા કપડવંજ મોડાસા રોડ પર કાર અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાતા 2 લોકોના મૃત્યુ નીપજ્યા છે. જ્યારે 10 જેટલા ઈજાગ્રસ્તોને કપડવંજની સરકારી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

દરમિયાન અરવલ્લીના મોડાસામાં રહેતા ડૉક્ટરના પુત્ર હિમાચલપ્રદેશ ફરવા ગયા હતા. તે દરમિયાન પાર્વતી નદીમાં ડૂબી જવાથી તેમનું મૃત્યુ નીપજ્યું છે. આ અંગે કુલ્લુ પોલીસ વડાએ ઘટનાની તપાસ હાથ ધરી છે.

વલસાડના પારડી તાલુકામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર 48 પર અજાણ્યા વાહનચાલકે મોટરસાઈકલને ટક્કર મારતા બે યુવકના મોત નીપજ્યા, જ્યારે એક ઈજાગ્રસ્ત યુવકને હૉસ્પિટલ ખસેડવામાં આવ્યો.

ભરૂચમાં નર્મદા મૈયા બ્રિજ પર એસ.ટી. બસ અને રિક્ષા સાથેના અકસ્માતમાં મોટરસાઈકલ સવાર યુવકે જીવ ગુમાવ્યો છે. આ બનાવ અંગે અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે તપાસ હાથ ધરી છે.

--------------------

## GUJ – WEATHER

રાજ્યના અનેક ભાગોમાં ભીષણ ગરમી બાદ રાહતના સમાચાર છે. હવામાન વિભાગે રાજ્યના વિવિધ ભાગોમાં ભારે પવન સાથે કેટલાક વિસ્તારોમાં વંટોળની શક્યતા વ્યક્ત કરી છે. આ અંગે વધુ માહિતી આપે છે હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવ...

(બાઈટ - હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવ)

કચ્છ સહિત રાજ્યના ઘણા ભાગોમાં તાપમાન ઘટ્યું છે, આમ છતાં આજે અમદાવાદ અને ભાવનગરમાં મહત્તમ તાપમાન 44 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ ઉપરાંત રાજકોટમાં 43, જ્યારે સુરેન્દ્રનગરમાં 42 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયુ હતું.

આગામી 24 કલાક દરમિયાન ઉત્તર અને દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠે તીવ્ર ગતિથી પવન ફૂંકાવાની આગાહી કરી છે.

હળવી આંધીની હવામાન વિભાગે કરેલી આગાહીને પગલે દાંડી તથા ઉભરાટ બીચ સહિત નવસારી જિલ્લાના દરિયાકાંઠે આવેલા પર્યટન સ્થળો આવતીકાલથી 2 જુન સુધી બંધ કરવાનો હુકમ કરવામાં આવ્યો છે.

-----------------

# NCC CHHASH VITRAN

નવમી ગુજરાત બટાલિયનની એસ.વી.આર્ટ્સ કોલેજ NCC કંપનીના કેડેટ્સ દ્વારા આજે કોલેજની બહાર ગરમીથી રાહત મળે તે માટે ઠંડી છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડો.જગદીશ

ચૌધરીના નેતૃત્વમાં વિદ્યાર્થીઓએ રોડ ઉપર આવતા-જતા રાહદારીઓને છાશનું વિતરણ કર્યું હતું. આ પ્રસંગે નાગરિક સંરક્ષણના DYSP અને કમાન્ડન્ટ અસદ એ. શેખ અને અમદાવાદ શહેર સિવિલ ડિફેન્સના ચીફ વોર્ડન બાબુભાઇ ઝડફીયા ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

-------

# NEWS IN BRIEF

**હવે સાંભળીએ રાજ્યના કેટલાક અન્ય સમાચાર સંક્ષિપ્તમાં....**

1) **રાજ્યનાં મહિલા અને બાળવિકાસ કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરિયાએ રાજકોટ ટીઆરપી ગેમઝોન દુર્ઘટનામાં ભોગ બનેલા હતભાગીઓના સ્વજનોને મળી સાંત્વના પાઠવી હતી.**
2) **ગીરસોમનાથમાં પવિત્ર ત્રિવેણી સંગમ ખાતે તીર્થ પુરોહિત સોમપુરા બ્રહ્મ સમાજે રાજકોટની TRP ગેમઝોન આગ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.**
3) **પ્રભાસ પાટણ સોમનાથ મંદિર સામેથી વનવિભાગે વહેલી સવારે દિપડાને પકડી અમરાપુર એનિમેલ કેર સેન્ટર મોકલ્યો.**
4) **બોટાદના સાળંગપુર રોડ પર વહેલી સવારે એસ.ટી. બસના ચાલકે કાબૂ ગુમાવતા બસ ડિવાઈડર સાથે અથડાઈ.**
5) **લાંચ રૂશ્વત વિરોધ બ્યૂરોએ દ્વારકામાંથી સરપંચ અને તેના પુત્રને એક લાખ 10 હજાર રૂપિયાની લાંચ લેતા પકડ્યા.**

6) કેન્દ્રશાસિત પ્રદેશ દિવના વણાકબારામાં ભૂતડા દાદાના મંદિરનું નવનિર્માણ કરાયું. વિધિવત્ રીતે ભૂતડા દાદાની મૂર્તિની સ્થાપના કરવામાં આવી.

7) મહીસાગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા આગામી 22 જૂને રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

8) નવસારીમાં ગણદેવીની ગઝદર પુસ્તકાલયમાં ઉનાળું વેકેશન વાંચન કાર્યક્રમમાં 250 વિદ્યાર્થીઓએ એક મહિના સુધી પુસ્તકાલયમાં વાંચન કર્યું.

9) વલસાડમાં સિટી પોલીસે ભંગારના ગોડાઉન સંચાલકો સાથે એક બેઠક યોજી હતી, જેમાં ગોડાઉન સંચાલકોને અગ્નિશામક દળનું 'ના વાંધાપ્રમાણપત્ર' મેળવવા અંગેની જરૂરી માહિતી આપવામાં આવી હતી.

10) ચીખલી-ગણદેવી તાલુકામાં ચોમાસા પહેલાં સિઝનના પહેલાં ફણસનું આગમન થયું.

11) કચ્છમાં પહેલી જૂને નખત્રાણા, 6 જૂને દયાપર, 15 જૂને મુંદ્રા અને 29 જૂને માંડવી ખાતે વાહનોની ફિટનેસ રિવ્યૂ અંગેનો કેમ્પ યોજવામાં આવશે.

------------